॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

## આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

## ભાગ-૫૫

:: પ્રવચનકાર ::
ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

::પ્રકાશક::
કુમારપાળભાઈ વી. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,
(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૫)

## દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ - આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

:: શુભાશિષ ::

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય
શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

:: પ્રેરક-માર્ગદર્શક ::

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

:: સહાયક ::

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : ૧૫૦/-**

**વિમોચન : પોષ સુદ-૧૨, વિ.સં.૨૦૬૮, તા.૬-૧-૨૦૧૨, શુક્રવાર**
ગુરુદેવ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ દીક્ષા દિન

:: પ્રાપ્તિસ્થાન ::

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
|---|---|---|
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ | ડૉ. સંજયભાઈ-સુરત | વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ૯૮૨૫૧ ૨૧૪૫૫ | મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

# શ્રી અજિતનાથ જિનસ્તવન-૨

**અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,**
**માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે, અ૦ ૧**
**ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલ્લર હો રતિ પામે મરાલ કે,**
**સરવર જલધર જળ વિના, નવિ ચાહે હો જિમ ચાતક બાળ કે...૨**
**કોકિલ-કલ-કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે,**
**આછા તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે...૩**
**કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે,**
**ગૌરી ગિરીશ, ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે. ૪**
**તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે,**
**શ્રી નયવિજય વિબુધ તણો, વાચકયશ હો નિતનિત ગુણ ગાય કે. ૫**

## શ્રી અજિતનાથ જિન સ્તવન વિવેચના

**અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,**
**માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે, અજિત જિણંદશું. ૧**

**ભાવાર્થ :-** મારે અજિત જિનેશ્વર સાથે પ્રીતિ છે. એ પ્રભુ જ મને ગમે છે, (એ પ્રભુનો જ સંગ મને ગમે છે) હવે મને અન્યનો સંગ ગમતો નથી. શું માલતીના પુષ્પમાં મોહિત થયેલ ભમરો બાવળના વૃક્ષ પર બેસે ? (અર્થાત્ ન જ બેસે.)

**વિવેચન :- 'અજિત જિણંદશું પ્રીતડી,'** મારે અજિતનાથ ભગવાન સાથે પ્રીત છે. એટલે એમનો જ સંગ મને ગમે છે. મને બીજા સાથે એવી પ્રીત નથી તેથી બીજાનો સંગ મને નથી ગમતો. બીજાનો સંગ એટલે મિથ્યા દેવી-દેવતાનો સંગ, ને જગતના જડ-ચેતન પદાર્થોનો મને એવો સંગ નથી ગમતો. અલબત એના સંગમાં રહેવું પડે છે, પરંતુ હૃદયથી રુચતું નથી; હૃદયથી તો પ્રભુનો જ સંગ રુચે છે, એટલે હૃદયમાં પ્રભુ બહુ આવ્યા કરે છે. અહીં પ્રશ્ન થાય,—

**પ્રશ્ન :** કવિએ તો આ કહ્યું, પરંતુ આપણી જાત માટે તપાસીએ કે 'આપણે ભગવાનના સંગને કેટલો ગમતો કરીએ છીએ ? શું વાસ્તવમાં આપણને ભગવાનનો સંગ ગમે છે ?' આ વિચારતાં ઠેકાણું નથી દેખાતું. જો ભગવાનનો જ સંગ ગમતો હોય, તો આપણે ભગવાનને ક્યાં યાદ કરીએ છીએ ? શું ખાનપાનમાં યાદ કરીએ છીએ ? કે ઘર-રસોડું સંભાળતાં ? ભગવાનને ક્યાં યાદ કરીએ છીએ ? શું

વહાલા-વહાલેસરી સાથે વાતો કરતાં પ્રભુને યાદ કરીએ છીએ ? ત્યારે કવિએ આ કહ્યું તે શી રીતે બોલવું કે 'મને ભગવાન સાથે એવી પ્રીત છે કે મને ભગવાનનો જ સંગ ગમે છે, બીજાનો સંગ નથી ગમતો ?

**ઉત્તર :** મને ભગવાનનો સંગ ગમે છે એમ કહેવામાં કવિનો ભાવ આ છે, કે 'બધી વાતમાં હું ભગવાનને સાથે રાખું છું, અર્થાત્ ભગવાનને આગળ કરું છું.'

**'આગળ કરું છું' એના બે અર્થ :-**

(૧) બધાં કામ ભગવાનની આજ્ઞા યાદ કરીને કરું છું.

(૨) બધાં કામ ભગવાનના સ્મરણપૂર્વક કરું છું.

**(૧) જિનાજ્ઞા યાદ કરીને :-**

શાસ્ત્રે શ્રાવક માટે કહ્યું 'શ્રાવક પરલોક પ્રધાન જીવન જીવે' અર્થાત્ ખાનપાન, અર્થઉપાર્જન, કુટુંબપાલન અને બીજા વ્યવહારિક કાર્યો કરતો હોય એમાં શાસ્ત્રની-જિનની આજ્ઞાથી પરલોકદૃષ્ટિ મુખ્ય રાખે.

**પરલોકદૃષ્ટિ મુખ્ય રાખે એટલે ?**

દા.ત. ખાનપાનમાં 'કોઇ અભક્ષ્ય-ભક્ષણ વગેરે તો નથી થતું ને ?' એ ખાસ જુએ. એમ ખાનપાન કરતાં 'એવી રસગૃદ્ધિ વગેરેથી પરલોક ન બગડે' એ જુએ. જિનાજ્ઞાપાલન માટે સદા સાવધાન હોય, ખાનપાનાદિ પ્રવૃત્તિમાં ભગવાનના વચનથી વિરુદ્ધ ન વર્તાઇ જાય એનું ધ્યાન રાખે, આમાં મારો પરલોક ન બગડે, એનું ખાસ લક્ષ રાખે. એને મન આ લોકના સુખ ગૌણ હોય, તેથી ખાનપાનાદિ સુખ વિલાસમાં આંધળિયાં ન કરે કે જેથી ચીકણાં કર્મ બંધાય, ને પાપ-સંસ્કારો ઊભા થઇ પરલોક ખરાબ ખસ્ત થઇ જાય ! પ્રભુનો જ સંગ ગમે છે. એટલે, 'પ્રભુએ કહ્યા અનુસાર સાધુ કે શ્રાવકનું જીવન પોતે જીવી રહ્યો છે ને ?' એ ખાસ ધ્યાન રાખે.

દરેક વાતમાં 'પ્રભુને આગળ કરે' એનો આ એક અર્થ થયો કે પ્રભુની આજ્ઞા યા પરલોક જરાય ભૂલીને પ્રવૃત્તિ ન કરે. પછી દા.ત. સામેથી કોઇ ખોટી રીતે કષાય કરતો કે કજીયો કરતો આવ્યો, તો ત્યાં પોતે દિલમાં જિનવચન યાદ રાખીને ખામોશી રાખે, સમતાભાવ રાખે, દિલને ડર હોય કે 'જેની ખાતર કષાય કરું, કજિયો કરું, એ પદાર્થ કે પ્રસંગ તો ક્ષણિક વસ્તુ છે, નાશવંત છે; જ્યારે એ કષાય-કજિયાના પાપ પરલોકે દીર્ઘ દુર્ગતિના દુ:ખો આપનારાં છે. તેમજ કષાય-કજિયાના સંસ્કાર પરલોકે પાપિષ્ટ બુદ્ધિની હારમાળા ચલાવનારા છે !'

આ એક અર્થ પ્રભુને આગળ કરે એનો, હવે બીજો અર્થ-

**(૨) પ્રભુને યાદ કરીને જ બધું કરે :-**

બીજો અર્થ એ કે દરેક કામમાં પ્રભુને યાદ કરવાનું ન ભૂલે; દા.ત. 'નમો અરિહંતાણં' યા 'નમો જિણાણં જિઅભયાણં' એમ દરેક કાર્યના પ્રારંભે યાદ કરે. એવી રીતે ધાર્મિક પ્રવૃત્તિ કરે ત્યાં 'આ મારા ભગવાનની આજ્ઞા છે માટે કરું છું' એવું યાદ કરીને કરે. દા.ત. શાસ્ત્રમાં કહ્યું છે કે-

**'आणंति वेयावडियं कुज्जा'**

અર્થાત્ દેવ-ગુરુ કે સંઘની સેવા-વૈયાવચ્ચ કરે ત્યાં એમ યાદ કરીને કરે કે 'આ જિનાજ્ઞા આગળ કરીને (યાદ કરીને) કરું' એમ પાપત્યાગ કરે એ પણ 'આ ભગવાનની આજ્ઞા માટે કરું' એમ યાદ કરીને કરે. એમાં ચાર લાભ-

**જિનાજ્ઞા યાદ કરવાના ૪ લાભ :**

(૧) પાપત્યાગ યા ધર્મ-સુકૃત સેવવાનો લાભ તો છે જ, ઉપરાંત વધારામાં

(૨) ભગવાનને યાદ કર્યા, ભગવાનની આજ્ઞા યાદ કરી એમાં સમ્યગ્દર્શન નિર્મળ થાય.

(૩) નિરાશંસભાવનો લાભ થાય. અર્થાત્, ધર્મ કરીને બદલામાં આલોક-પરલોકે સુખ લેવાનું મન ન રહે. કોઈ પૂછે 'ધર્મ કેમ કરો છો ?' તો જવાબમાં એમ જ કહેવાય કે 'ભગવાનની આજ્ઞા છે માટે કરું છું. **આ જીવનમાં જેટલી પ્રભુની આજ્ઞા પળાય એટલી આ માનવજનમની કૃતકૃત્યતા, સફળતા, ધન્યતા.'**

(૪) ભગવાનને દરેક કામમાં આગળ કરવામાં લાભ એ પણ થાય કે મનને શ્રદ્ધા રહે. તે માત્ર અરિહંતદેવ પર શ્રદ્ધા નહિ, કિન્તુ અરિહંતના પ્રભાવ પર પણ શ્રદ્ધા, કે 'દરેક કાર્યમાં સફળતા મલે તો તે ભગવાનના પ્રભાવે જ મળે. અરિહંતના પ્રભાવે જ બધું સારું થાય છે.'

માટે આવી અરિહંતના પ્રભાવ ઉપર શ્રદ્ધા સદા બની રહે તો વાતવાતમાં ભગવાનને આગળ કરવાનું કેમ ભૂલાય ?

**પ્રશ્ન :** શું સંસારના કાર્ય માટે ભગવાનને આગળ કરાય ?

**ઉત્તર : 'શ્રાદ્ધવિધિ'** શાસ્ત્ર કહે છે કે 'શ્રાવક કોઈ મોટા વેપારનો સોદો કરવા જાય ત્યારે સફળતા માટે નવકાર સ્મરણ કરે, ગૌતમસ્વામીનું નામ સંભારે અને દેવ-ગુરુને ભેટણું કરે.' શાસ્ત્રે આ કહ્યું, એમાં સંસારના કાર્યમાં ભગવાનને આગળ કરવાનું કહ્યું કે નહીં ? શ્રાવક સંસારનું કોઈ મોટું કાર્ય કરવા જાય ત્યારે સહેજે ઇચ્છે કે 'આ મારું કાર્ય સફળ થાય, લાભ આપનારું થાય' નહિતર તો જો લાભની ઇચ્છા જ ન હોય તો શું સાંસારિક કાર્ય કરે તે નિષ્ફળતા માટે કરે ? યા શું નુકશાન માટે કરે ? લાભની આકાંક્ષા એને અવશ્ય હોય. હવે જો લાભની આકાંક્ષા છે, તો એ લાભ માટે શું એણે મિથ્યાદૃષ્ટિ દેવ-દેવીને માનવા પૂજવા ?

ના, એને સચોટ શ્રદ્ધા છે કે 'મારા અરિહંતદેવ સર્વસમર્થ છે' તેથી અરિહંતને જ ભજે, મોટું કામ છે એટલે સહેજે પ્રભુ નામમંગળ ધર્મમંગળનો સહારો લે જ. પ્રભુને આગળ કરો એનો એક અર્થ આ છે.

એટલે તો **પંચાશક** આદિ શાસ્ત્રમાં સૌભાગ્યાદિ માટે તપ કરવાનું કહ્યું છે, કેમકે એમાં જિનેશ્વર ભગવાનની આજ્ઞા આગળ કરાય છે.

**પ્રશ્ન** : શું આ સૌભાગ્યાદિરૂપ સંસારની ચીજ માટે તપ કરાય એ ધર્મ છે ?

**ઉત્તર** : હા, આ તપ બીજા કોઈનો કહેલો નહિ, પરંતુ અરિહંતે કહેલો જ કરવાનો છે. એટલે એમાં અરિહંતની આજ્ઞાનું અનુસંધાન છે, તેથી એ તપ એ પાપ નહિ, પણ ધર્મ છે. માટે જ તે તપમાં 'અચિત્ત (ઉકાળેલું) જ પાણી વાપરવાનું, સચિત-ત્યાગ રાખવાનો, જિનભક્તિ કરવાની...' ઇત્યાદિ સાચવવાનું હોય છે. એમાં 'અરિહંત ભગવાનને જ આગળ કર્યા, એમની આજ્ઞા આગળ કરી' એ મહત્ત્વનું છે. માટે એ સૌભાગ્ય આદિ તપ એ પાપક્રિયા નહિ, પણ ઉપાદેય ધર્મક્રિયા કહી છે.

કવિએ સ્તવનમાં 'મને અજિત જિણંદ પર જ પ્રેમ, મને એમનો જ સંગ ગમે, બીજાનો સંગ ન ગમે' એ બહુ માર્કાની વાત કરી. કેમકે મોક્ષમાર્ગનો પાયો સમ્યગ્દર્શન; અને સમ્યગ્દર્શનીનું દિલ આવું જ હોય કે એ અરિહંતદેવ ઉપર સર્વેસર્વા આફરીન હોય, ઓવારી ગયેલું હોય. તેથી જ એ વાતવાતમાં અરિહંતને જ આગળ કરે. એ સમજે છે કે,

**'જગતમાં જ્યારે ભવયાત્રા પડતી મૂકી મોક્ષયાત્રા માંડી છે તો એ યાત્રામાં સથવારા તરીકે કોઈ સ્નેહી જોઈએ; ને તેવા સ્નેહી તરીકે અરિહંત દેવ જ છે.**

અરિહંત જેવા અન્ય સ્નેહી નથી કે જે મોક્ષયાત્રામાં હૂંફ-સહાય-આશ્વાસન ને પ્રેરણા આપે, તેથી અરિહંતને આગળ કર્યા તેણે મોક્ષને આગળ કર્યો. માટે જ કહ્યું "મને ન ગમે બીજાનો સંગ" 'બીજાનો સંગ' એટલે

(૧) અન્ય દેવ-દેવીનો સંગ,

(૨) દુનીયાની જડ સંપત્તિનો સંગ,

(૩) કુટુંબ પરિવારની માયા મમતાનો સંગ, હવે મને ન ગમે.

**પ્રશ્ન** : જો આ સંગો નથી ગમતા, તો ઘરબાર સંપત્તિ આદિ રાખ્યા તો છે ?

**ઉત્તર** : અલબત એ રાખ્યા છે, ને એ હાલ એને છોડી શક્તો નથી, પરંતુ એ ભવી જીવ એને ફાંસલો સમજે છે. એટલે જ અંતરથી એનાથી અલિપ્ત જેવો રહે છે. માટે તો કહ્યું છે...

**"સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ-પ્રતિપાલ,**
**અંતરથી ન્યારો રહે, જિમ ધાવ ખેલાવત બાળ."**

જેમ એકનો એક જુવાન છોકરો મરી ગયો તો તેના મા-બાપ આદિ પછી ખાય ખરા, પણ અંતરથી ખાવાનું બિલકુલ ન ગમે, એમ પ્રભુભક્ત સમકિતી જીવો માલ-મિલકત-પરિવારને સંભાળે ખરા, પણ અંદરથી ન્યારા રહે. એ તાત્પર્યથી કહ્યું- 'બીજાનો સંગ ગમતો નથી.' એમાં મિથ્યા દેવ-દેવીઓ કે જડ ચેતન સુખ-સાધનો-પૈસા-પરિવાર આદિનો સંગ ન ગમે.

**પ્રશ્ન :** સાંસારિક માલમિલકત-પરિવારથી તો સુખનો અનુભવ થાય છે. પછી સાંસારિક માલમિલકત-પરિવારનો સંગ શી રીતે અણગમતો બને ?

**ઉત્તર :** 'એમાં ખૂબ પાપ વિકલ્પો, રાગાદિ સંકલેશો, પાપ વાણી, પાપ-વિચારો, પાપી વર્તાવ... આદિ કરવા પડે છે, ને તેથી અગણિત ભવપરંપરાનું સર્જન થાય છે' એ વિચારથી જો મનમાં દુઃખ રહ્યા કરે, તો સહેજે એ બધું અણગમતું બન્યું રહે. એનું જ નામ બીજાનો સંગ ન ગમે. હવે કવિ પ્રભુ પ્રત્યેની ભક્તિને ભ્રમર વગેરેના દૃષ્ટાન્તોથી પોતાના દિલમાં ઉલ્લસિત અને પ્રજ્વલિત કરે છે.

**માલતી ફૂલે મોહીયો :**

ભમરાને જેમ માલતિ ફૂલ પર સ્નેહ છે, તો તે જઇ જઇને એના પર બેસે છે. એને ત્યાંથી હટાવો તોય એ પાસેના બાવળિયા પર જઇને નહિ બેસે, 'અરે ! એને બાવળ સામું જોવાનુંય મન થતું નથી, તેમ મને ભગવાન અરિહંત પર સ્નેહ છે તેથી જ અરિહંતને છોડીને અન્ય કોઇનામાંય મન બેસતું નથી. મન જઇ જઇને અરિહંતમાં જ બેસે છે. પછી ખાનપાનાદિ ક્રિયા વખતે પણ મનને સંગ એનો ગમતો નથી, અરિહંતનો જ સંગ ગમે છે.

**પ્રશ્ન :** ખાનપાનાદિ ક્રિયામાં મન તો ગયેલું છે. પછી ત્યાં મન અરિહંતમાં રહેલું શી રીતે ગણાય ?

**ઉત્તર :** જેમ હમણા પરણેલી પતિવ્રતા સ્ત્રી ઘરનાં બધા કામ કરતી હોય પરંતુ એનું મન પોતાના પ્રિય પતિમાં રહ્યા કરે છે. ઉપા. યશોવિજયજી મહારાજ કહે છે- **'જિમ મહિલાનું વહાલા ઉપરે, ઘરનાં કામ કરંત'**

એમ આપણને જો અરિહંત પ્રિય છે, તો બીજા ત્રીજા કામ વખતે પણ મન અરિહંતમાં રહ્યા કરે એમાં નવાઇ નથી.

**અરિહંત જ કેમ પ્રિય ?**

કારણ કે - અરિહંત જગહિત વત્સલ છે, આપણા એક માત્ર તારણહાર છે.

**રોહિણિયા ચોરને ભગવાન કેમ ગમ્યા ?**

રોહિણિયા ચોરને ભગવાન નહોતા ગમ્યા ત્યાં સુધી ચોર હતો, પણ એમાં ભગવાનના વચને જીવતદાન મળ્યું, પૂર્વે ભગવાનના ત્રણ વચન સાંભળવા મળેલા,

તેથી એના આધારે અભયકુમારની જાળમાંથી છુટકારો મળ્યો, તેથી તેના મનમાં આ બેસી ગયું કે

**'ભગવાનના ત્રણ વચને મને મરતો બચાવ્યો, તો ભગવાનના હજારો વચનો મારું શું હિત ન કરે ?'**

તે અભયકુમારની ચુંગાલમાંથી છૂટેલો રોહિણિયો, હવે એને ભગવાનનો જ સંગ ગમ્યો, તે એ સીધો ચાલ્યો ભગવાન પાસે ! જાણો છો ને એનો પ્રસંગ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"     વર્ષ-૩૩,અંક-૩૭,તા.૩૧-૫-૧૯૮૬**

**શ્રેણિક રાજાના** વખતમાં **રોહિણિયો અઠંગ ચોર** ! ચોરીઓ કરે, પણ પકડાય નહિ. એમાં એકવાર રાજાએ પાકી તપાસ મૂકેલી, તે એમ જ પકડાઇ જવાનો હતો, પરંતુ એને ખબર પડી ગઇ કે પાછળ પોલીસ દોડે છે તેથી એ જોરથી ટ્રાફિકની વચમાંથી આડો ટેઢો થતો દોડ્યો. નીકળ્યો નગર બહાર, પણ ત્યાં ભગવાનનું સમવસરણ મંડાઇ ગયેલું ! હવે એના બાપે તો અંતકાળે કબૂલ કરાવ્યું છે કે 'વર્ધમાનનું વચન સાંભળતો નહિ,' એટલે જો ભગવાન એક દિશામાં, તો એણે તો બીજી દિશામાં જવાનું હતું; પરંતુ અહીં શું કરે ? દિશા બદલવા જાય ને સિપાઇઓના હાથમાં પકડાઇ જાય તો ? એટલે ન છૂટકે, સમવસરણ જમીનથી અદ્ધર હોય છે, ને એની નીચેથી દોડવું પડ્યું, પરંતુ બે કાનમાં આંગળા ખોસીને દોડ્યે જાય છે. કેમકે- 'ઉપર ભગવાનની જોજનગામિની દેશના વરસી રહી છે, એ સંભળાઇ ન જવી જોઇએ.'

**રોહિણિયો કેવો અભાગિયો ?**

અહીં દોડતાં પણ સહેજે ભગવાનની અમૃતવાણી રોહિણિયાને સાંભળવા મળે છે, પરંતુ એને સાંભળવી જ નથી ! આજે એવા અભાગિયા જીવો હોય છે. ગામમાં મહારાજ આવ્યા હોય, વ્યાખ્યાન ચાલતું હોય, પણ બીક છે કે 'મહારાજનું સાંભળીએ તો અસર થઇ જાય ! ને ધર્મ લેવો પડે, બે પૈસા ધર્મમાં ખરચવા પડે, ત્યાગની શીલની બાધા કરવાનું મન થઇ જાય ! માટે સાંભળવા જ ન જવું.' આમ જિનવાણીથી આઘા રહેનારા, એ રોહિણિયાના ભાઇબંધ જ ને ?

પણ રોહિણિયાને, જુઓ, એનો આગળ પર ભાગ્યોદય થવાનો હશે, તે દોડતો જતાં પગમાં કાંટો ભોંકાયો ! હવે દોડે શી રીતે ? જો પગમાંથી કાંટો કાઢવા એક હાથ કાનમાંથી કાઢે, તો ભગવાનની વાણી સંભળાઇ જાય! ને કાંટો ન કાઢે તો ત્યાં જ ઊભો રહેતાં પાછળથી સિપાઇઓ આવીને પકડી લે તો ? એટલે ન

છૂટકે, એક હાથ કાનમાંથી કાઢી કાંટો તરત જ હાથેથી પકડી ખેંચી કાઢે છે, પરંતુ એટલામાં ભગવાનનાં ત્રણ વચન સંભળાઇ ગયા!

(૧) દેવતાની આંખ પલકારા ન લે, ઉઘાડ-વાસ ન થાય.

(૨) દેવતા જમીનને અડીને ન ઊભા રહે, ચાર આંગળ અદ્ધર રહે.

(૩) દેવતાના ગળામાં ફૂલની માળા કરમાય નહિ.

આ વચન સંભળાઇ ગયા, તે આવા કે 'નથી સાંભળવું, નથી સાંભળવું' કરો એ સંભળાતાં હૈયામાં ચોંટી જાય ! તે ત્રણ વચન રોહિણિયાના મનમાં ચોંટી ગયા. એ તો ત્યાંથી પછી દોડીને ભાગ્યો. સિપાઇઓની પકડમાંથી બચી ગયો. એટલે હાશ ! કરે છે, 'હાશ ! સિપાઇઓની પકડમાંથી બચ્યો !' પરંતુ 'હાશ ! ભગવાનનાં ત્રણ વચન સંભળાયા !' એ હાશ નહિ ! ભગવાનના ત્રણ વચન સંભળાઇ ગયા એની તો હાય કરે છે કે "હાય ! ક્યાં વર્ધમાનનું આટલું સંભળાઇ ગયું ? બાપને આપેલો કોલ કે 'નહિ સાંભળું,' તે કોલ, હાય ! ભંગાયો !" કેવો અબૂઝ છે ! જે આ જ ત્રણ વચન એને આગળ પર એનું પોતાનું જીવન બચાવનાર બનવાના છે, એને માટે અત્યારે 'હાય !' કરે છે કે 'હાય ! ક્યાં સંભળાઇ ગયા ?'

પછી તો બીજી વાર ખાસો પકડાઇ ગયો, રાજસભામાં એને ખડો કરવામાં આવ્યો.

રાજા પૂછે : 'તારું નામ શું ?'

રોહિણિયો કહે : 'નત્થુભાઇ.'

'તારા બાપનું નામ શું ?

'મથુરભાઇ'

'ક્યાં રહે છે ?'

ચોર કહે, 'બાજુના... ગામમાં.'

'શું કરે છે ?'

'ફેરી.'

રાજાએ ઘોડેસ્વાર સિપાઇને મોકલી એ ગામમાં તપાસ કરાવી, તો બરાબર એ જ હકીકત મળી. નથુભાઇ મથુરભાઇ અહીં રહે છે, ફેરી કરવા ગયા છે, તેથી ઘર બંધ છે ! સિપાઇએ આવીને રાજાને ખબર આપી.

રાજા કહે : 'ભલે શાહુકારી કરે, પણ આ લુચ્ચો એ જ રોહિણિયો ચોર છે એને નાખો જેલમાં, અભયકુમાર કહે : 'મહારાજ ! ગુનો સાબિત થયા વિના જેલમાં ન પૂરાય, એને છોડી દો.' રાજા કહે : 'અરે અભય ! આ તું શું કહે છે ? ચોર હાથમાંથી જશે !' અભયકુમાર કહે ! સાહેબ ! જાય તો જાય, પણ આપણાથી

અન્યાય ન થાય, ન્યાય તે ન્યાય. ગુનેગારને દંડ, બિન-ગુનેગારને સન્માન !

રોહિણિયાને છોડ્યો, હવે અભયકુમાર એને કહે : ભાઈસાબ! માફ કરજો; તમારા જેવા સારા માણસને ચોર તરીકે અહીં પકડી લાવવા પડ્યા, ને અહીં હાજરી લેવી પડી, તો હવે બહાર તમારું હલકું ન બોલાય માટે તમારું અમારે સ્વાગત કરવું પડે તો પધારો જમવા, અમારી સાથે જમીને જજો !

રોહિણિયો ફુલાયો કે વાહ ! મોટો મંત્રી મારું સન્માન કરે છે ! ચાલો, અભયકુમારે લઈ જઈ જમાડ્યો, દહીંમાં ચંદ્રહાસ દારૂ વપરાવ્યો, પછી જવા વખતે અભયકુમાર કહે : હમણા તાપમાં ક્યાં જશો ? હમણાં જમ્યા છો તો અહીં આરામ કરો, પછી ઠંડા પહોરે જજો. બસ ત્યાં સુવાડ્યા, દરમ્યાન અભયકુમારે હવેલીનો ઉપરનો મજલો દેવલોક જેવો શણગારાવી ત્યાં રૂપાળી યુવાન યુવતીઓને શું કરવું તે સમજાવીને દેવી દેવતા જેવા ઊભા કરાવેલા.

અહીં રોહિણિયો દારૂના નશામાં ઘસઘસાટ ઘોરતો હતો. એને દેવતાઈ વેશ પહેરાવ્યો, અલંકાર પહેરાવ્યા ને એને ઉઠાવીને ઉપર પલંગ પર ફૂલની શય્યામાં સુવડાવવામાં આવ્યો. ૭-૮ કલાકે જ્યારે જાગ્યો, શરીર પરથી રેશમી ચાદર દૂર કરી બેઠો થાય છે ત્યાં દેવતાઈ વાજિંત્ર ચાલી રહ્યા છે, કૃત્રિમ દેવાંગનાઓ 'જય જય નંદા ! જય જય ભદ્દા ! સ્વામીનાથ ! આજે તમારો દેવલોકમાં જનમ થયો ! અમારા જુના સ્વામીદેવ કાળ કરી ગયા, હવે તમે અમારા પ્રાણનાથ દેવ બન્યા, કહો તો ખરા સ્વામી ! તમે પૂર્વજન્મમાં શું શું કરેલું ?' રોહિણિયાને તાજો જ કેફ ઉતરેલો તે વિમાસણમાં પડ્યો.

'હેં ત્યારે ! હું રોહિણિયા તરીકે મરી ગયો ? ને અહીં દેવતા તરીકે જન્મી ગયો ? લાગે છે તો એવું જ; આ બધા દેવી-દેવતાઓ દેવતાઈ વાજિંત્રના નાદ ! ચારે બાજુ દેવતાઈ ઠાઠ ! સાચેસાચ લાગે છે કે હું દેવલોકમાં જન્મી ગયો ! હવે આ લોક પૂછે છે પૂર્વે શું શું કરેલું ? ત્યારે લાવને કહી દે ને કે મેં તો ચોરીઓ કરેલી, અહીં હવે ક્યાં શ્રેણિકના સિપાઈડા પકડવા આવવાના છે ?'

એમ એને ચોરીઓ કર્યાનું, ને તે પણ આવી આવી સીફતથી ચોરીઓ કરેલી વગેરે કહેવાનું ઠેઠ ગળા સુધી આવી ગયું ! ને જો એ કહી દે, તો તરત અભયકુમારના માણસો એને પકડી લેવા તૈયાર હતા; ને પછી તો ભાઈના બાર જ વાગી જાત ! પરંતુ ત્યાં એને ભગવાનના પેલા ત્રણ વચન યાદ આવી ગયા. એટલે તરત જુએ છે, કે ભગવાને તો કહેલું કે 'દેવતાઓની આંખ પલકારા ન લે, એ જમીનથી ચાર આંગળ અદ્ધર ઊભા રહે, એમના ગળામાંની માળા કરમાય નહિ.' જ્યારે અહીં તો આ લોકોની આંખ તો ઉઘાડમીંચ થાય છે, જમીનને ચોંટીને ઊભા

છે, ગળામાંની ફૂલમાળા કરમાઇ ગયેલી છે, તો નક્કી આ દેવી દેવતાય નથી, ને આ દેવલોકેય નથી, પણ આ અભયકુમારની મને પકડવા માટેની જાળ છે. તો ફિકર નહિ...એ બુદ્ધિમાન છે, તો હું હવે ભગવાનના વચનથી મહાબુદ્ધિમાન છું, હું હવે બરાબર જવાબ દઇ દઉં છું, એમ કહી જ્યાં પેલીઓ પૂછે : કહો તો ખરા સ્વામીનાથ ! તમે પૂર્વભવમાં શું શું કરેલું ? આપણે અહીં રિવાજ છે કે પૂર્વભવની વિગત કહેવી; માટે કહો, સંકોચ રાખશો નહિ. ત્યારે રોહિણિયો કહે : 'અહોહો ! આ તો મારે મોંઢે સુકૃત શી રીતે કહેવાય ? તે હું શરમાતો હતો; પણ હવે તમારો બહુ આગ્રહ છે તો લો કહું છું : 'મેં પૂર્વભવમાં દેરાસર બંધાવેલ. પૌષધશાળા, ધર્મશાળા બંધાવેલી, યાત્રાસંઘ કાઢેલો.'

પેલીઓ કહે : 'હાં પછી ?

આ કહે : 'અરે ! તપસ્યાઓ બહુ કરેલી, ખૂબ દાન દીધેલાં, શીલ-બ્રહ્મચર્ય પાળેલા.'

પેલીઓ કહે : 'હાં, પછી ? બીજું કાંઇ કરેલું ?'

આ કહે : 'પછી શું પૂછો છો ? બીજું કાંઇ એટલે ? શું પાપો કરીને દેવલોકમાં અવાય છે ? બસ, ધર્મ જ કરેલો.'

બસ, પત્યું. અભયકુમારને માણસો નીચે જઇને આ ખબર આપે છે. એટલે અભયકુમારે જોયું કે 'ગુનો કબૂલ નથી કરતો, તો એને છોડી દેવો જોઇએ' એટલે એને છોડી મૂક્યો.

રોહિણિયો વિચાર કરે છે કે 'અહોહો ! આ ભગવાનના ત્રણ વચને મને કેવો બચાવી લીધો ! હું તો જીવનની ચોરીઓ કહી દેવાની તૈયારીમાં હતો તે કહી દીધી હોત, તો તો પછી રાજા શ્રેણિક મને કૂતરાના મોતે મારત ! આ એમાંથી બચી ગયો તે ભગવાનનાં ત્રણ વચન અનિચ્છાએ પણ સંભળાઇ ગયેલા એના પ્રતાપે બચ્યો. જેના ત્રણ વચને અહીં જીવતદાન, એની જીવનભર વાણી સાંભળું તો કેવો ન્યાલ થઇ જાઉં ? આ ભવસાગરમાં જનમ-મરણ જ અટકી જાય. માટે હવે તો મારે એ પ્રભુનું શરણ હો, એમ કરી ચાલ્યો સીધો મહાવીર ભગવાનના શરણે; અને ભગવાનને કહે છે : તારણહાર પ્રભુ ! આપના ત્રણ વચને જીવતે જીવતો બચ્યો છું ! હવે તમારે જ શરણે આવ્યો છું, મને ચારિત્ર આપી આપનું શરણું આપો, પ્રભુએ એને ચારિત્ર આપ્યું.

રોહિણિયાએ ચારિત્ર લીધું તે સાંભળી અભયકુમાર દોડતા આવ્યા, ને ધન્યવાદ આપે છે, તમે જ ચોર મટી સાચા શાહુકાર બન્યા છો, અમે શાહુકાર કહેવાતા છતાં પરપુદ્ગલની ચોરી કરતા બેઠા છીએ.

રોહિણિયાને પ્રભુનો જ સંગ ગમ્યો, તે માત્ર ચોરી જ નહિ, પણ આખો સંસાર છોડી દીધો.

**ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલ્લર હો રતિ પામે મરાલ કે,**
**સરવર જલધર જળ વિના, નવિ ચાહે હો જિમ ચાતક બાળ કે...૨**

**ભાવાર્થ** :- ગંગાના જળમાં રમવાને ટેવાયેલા રાજહંસ શું ખાબોચિયાના છીંછરા જળમાં આનંદ પામે ? વળી સરવર વરસતા મેઘના જળ વિના ચાતકનું બાળક જગતના કોઇ પણ જળને ચાહતું નથી.

**વિવેચન** :- કવિને અરિહંત સિવાય અન્યમાં સ્નેહ પ્રેમ નથી તે માટેનું બીજું ઉદાહરણ કહે છે, 'કે ગંગાજળના નિર્મળ ઊંડા જળમાં જેણે મસ્તી માણી હોય, તેવા હંસને ખાબોચિયાના ગંદા છીછરા બંધિયાર જળમાં આનંદ આવે ? અર્થાત્ ન આવે.

તેવી જ રીતે ભક્તે અરિહંતને જોયા જાણ્યા પછી બીજું બધું એને ફિક્કું લાગે છે. પૂછો 'એવું તે શું છે અરિહંત ભગવાનમાં ? ઉત્તર એ છે કે અરિહંત ભગવાનના ૩૪ અતિશયોનો જોટો જગતમાં જડવો મુશ્કેલ છે. જગતમાં ભગવાન અને દેવનું બિરુદ લઇને ઘણાં રખડે છે, પણ ભગવાન જેવા અતિશય અને પ્રાતિહાર્યની શોભા તેમની પાસે નથી. ભગવાનની વાણીના ૩૫ અતિશયનો મુકાબલો કરી શકનાર કોઇ નથી. ભગવાનની એવી વાણીનો રસ કેવો ? ડોશી જંગલમાંથી લાકડાનો ભારો લઈને પાછી ફરતાં ભારામાંથી એક લાકડું પડી ગયું તે લેવા વાંકી વળી, ને ભગવાનની વાણી સંભળાઇ તો તે જ રીતે વાંકી ને વાંકી રહી સાંભળવામાં લીન બની ગઇ ! કેવોક રસ લાગ્યો હશે !

ભગવાન ગંગાજળ જેવા એટલે અદ્ભુત અતિઉત્તમ ઢગલાબંધ સદ્ગુણો અને સુકૃતોથી ભરેલા છે. એની વિચારણામાં રમનારને મિથ્યાદેવોના ખાબોચિયાં જળ જેવાં ગુણોમાં રમવાનું મન જ શાનું થાય ? મહાવીર ભગવાન સમકિત પામ્યા પછી અજબ ગજબના પરાક્રમ કરે છે. પ્રથમ ભવમાં પ્રભુનો જીવ નયસાર જંગલમાં જમતા પહેલાં અતિથિ શોધે છે ! ધર્મ પામ્યા પછી સમકિતની આરાધના એવી કે મરીને દેવલોકમાં ! પછી મરિચિના ભવમાં સમવસરણ જોતાં જ જોરદાર વૈરાગ્ય પામ્યા ! તે ઉપર જઇ સીધી દીક્ષા જ લઇ લીધી ! આગળ વિશ્વભૂતિ મુનિ, પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિ, નંદન રાજર્ષિ વગેરે અવતારોમાં કેવા કેવા ગજબના ગુણો સુકૃતો ! કવિ આ જ કહે છે. ગંગાજળમાં રમનારા હંસને છીછરા-ગંદા ખાબોચિયાના જળમાં શાનો રતિ = આનંદ થાય ? એવી રીતે જેમ ભ્રમર માલતીના ફૂલમાં મોહ પામ્યો છે તો વારે વારે ત્યાં જઇને બેસે છે, ને હંસને ગંગાજળમાં મહાલવાનો શોખ લાગ્યો છે, તો વારે વારે ગંગાજળને જ યાદ કરે છે, ને એમાં જ જઇ ઝીલે

છે, એને એનો જ રસ બીજાનો નહીં, તેમ આપણને પણ જો ભગવાનના ગુણોનો જ રસ છે તો ભગવાનને જ, ભગવાનના ગુણો- સુકૃતોને જ યાદ કરતા રહેવાનું. જેમ ચંદનાને એક જ રટણ હતું મહાવીરનું; સીતાને એક રટણ રામનું; રાજીમતીને એક જ રટણ હતું નેમનાથનું.

એ રટણ આ, કે ભગવાનના ગુણો અને સુકૃતો જ યાદ આવ્યા કરે, મનને થાય કે ભગવાન બાલ્યકાળમાં પણ કેવા ગંભીર હતા. ભગવાન અવધિજ્ઞાનથી બીજાનું છૂપું જાણતા હતા છતાં પોતાની જાણકારી દેખાડે નહિ એવા ગંભીર રહેતા હતા ! ક્ષુદ્રને જ્ઞાન વધે તો છીછરાપણું આવે પણ ભગવાન અગાધ જ્ઞાનવાળા છતાં ગંભીર રહે છે ! ભગવાનનું કેવળજ્ઞાન કેવું જોરદાર કે ત્યાં બેઠા બેઠા અનુત્તરવાસી દેવનું સમાધાન કરી આપે. તેમ ભગવાનનો વૈરાગ્ય પણ અદ્દ્ભુત કોટિનો.

**'સંતિકરં સ્તોત્ર'માં ભગવાનની છાવણી :-**

તેમ કેવળજ્ઞાન પછી ભગવાન સમવસરણમાં બેસે ત્યાં વંદન અને વાણીશ્રવણ માટે ઇંદ્રો આવે, કોટિગમે સુરાસુર આવે, પણ પ્રભુને એનું અભિમાન નહી કે હું કેવો વક્તા ! સમવસરણથી ઉતર્યા પછી ભગવાનની છાવણી કેવી પડે ? **'સંતિકરં સ્તોત્ર'** ની પ્રથમ ત્રણ ગાથામાં ભગવાનની સ્તુતિ છે. પછીની ગાથાઓમાં ભગવાનની છાવણીનું વર્ણન છે. 'સંતિકરં' બોલતાં નજર સામે શાંતિનાથ પ્રભુને આઠ પ્રાતિહાર્ય સાથે ધારવાના, ૪ થી ગાથામાં એ પ્રભુની ચારે બાજુ **સરસ્વતી, ત્રિભુવનસ્વામી, શ્રીદેવી** અને **યક્ષરાજ ગણિપિટક** આદિ ૪ જોવાના, ૫ મી અને ૬ ઠ્ઠી ગાથા વખતે ૮-૮ કરીને ૧૬ વિદ્યાદેવીઓ પ્રભુને પ્રદક્ષિણા દેતી અને થન થન નાચતી જોવાની, પછી ૭મી ૮મીમાં ૧૨-૧૨ કરીને ૨૪ યક્ષ જોવાના, પછી ૯ મી ૧૦ મી ગાથામાં ૧૨-૧૨ કરીને ૨૪ યક્ષિણિ જોવાની, એ યક્ષ-યક્ષિણિને વળી પ્રભુની આસપાસ ઘૂમરી લેતા અને થનથન નાચતા જોવાના, પછી ૧૧મી ઈઅ તિત્થ રક્ખણરયા... ગાથામાં ગાતા નાચતા બજાવતા ચારે નિકાયના બીજા અગણિત દેવ-દેવીઓ, જઘન્યથી ૧ કરોડ દેવતા જોવાના, ૧૨ મી ગાથામાં આ બધા સુદૃષ્ટિ સુરગણથી પરિવરેલા શાંતિનાથ ભગવાન પાસે સંઘનું અને આપણું રક્ષણ માગવાનું અને છેલ્લે ૧૩ મી ગાથામાં જે ત્રિકાલ આ સ્તોત્રનું સ્મરણ કરે છે તે સર્વ પ્રકારના ઉપદ્રવથી રહિત થઈ ઉત્કૃષ્ટ સુખ સંપદાને પામે છે. આ બધું મનમાં લાવીએ તે ગંગાજળમાં ઝીલ્યા સમાન છે, પછી ખાબોચિયામાં યાને જેવા તેવા વિચાર-વાણીમાં મન ન જાય !

**ચાતકબાળ જલધર જળને જ ચાહે.**

ચાતક પક્ષીની આ ખાસિયત છે. તેના ગળામાં કુદરતે કાણું આપેલું છે તેથી

એ જેવું કોઈ નદી તળાવનું પાણી પીએ તરત કાણામાંથી બહાર નીકળી જાય એટલે તૃષા મીટી ન શકે. અને તેથી એને જગતના કોઈ પણ પાણીનો રસ ચાહના એને નથી, એને તો આનંદ છે સરવર સરવર વરસતા વરસાદના પાણી પીવાનો ! કેમકે ચાંચ ઊંચી રાખે એટલે એમાં પડતા વરસાદનું પાણી સીધું પેટમાં ઉતરી જાય, ને તૃષા મીટે. તેમ મને પણ હે પ્રભુ ! આપનો -આપની વાણીનો જ સંગ ગમે છે, જગત આખામાં બીજા કશાનો નહીં; ભગવાનની વાણી જે જીવવિજ્ઞાન આપે છે તે દુનિયામાં અજોડ છે. તેથી જ અહિંસા માર્ગ પણ અજોડ. બીજાને જીવની જ ઓળખ નથી, તો પછી અહિંસા શું પાળે ? અન્ય લોકો એકેન્દ્રિય જીવ 'પાણી'ને જડ વસ્તુ સમજી એને શૌચનું સાધન માને છે !

પાણીના એક ટીપામાં ૩૬ હજાર તો 'ત્રસ' =હાલતા ચાલતા જીવ છે. અલબત એ માને, એટલે અણગળ પાણી ન વાપરે; કેમકે અણગળ પાણી વાપરવામાં એટલા બધા જીવોનો નાશ માને છે કે એમાં સાત ગામ બાળ્યા જેટલું પાપ માને છે. પરંતુ 'પાણી ખુદ અસંખ્ય જીવોનું શરીર છે' એની એમને કલ્પના જ નથી ! છતાં આપણે જ્યારે જાણીએ છીએ કે પાણી એ સ્થાવરકાય એકેન્દ્રિય જીવ છે; અને એનો ઉપયોગ કર્યા વિના ચાલતું નથી, તો પણ અણગળ પાણીમાં હજારો ત્રસકાય બેઇન્દ્રિય જીવોની દયા તો જોઈએ ને ? પીવામાં અને નહાવા-ધોવામાં પણ પાણી ગળેલું જ વાપરવાનો નિયમ ખરો ? ભૂલશો નહિ, કે ૧૮ દેશનું સામ્રાજ્ય ભોગવનાર કુમારપાળ મહારાજા લશ્કરના ૧૧ લાખ ઘોડાઓને ગળેલું જ પાણી પીવરાવતા હતા !

વાત આ છે કે કવિ જે કહે છે, કે 'ઊંચેથી પડતાં મેઘના પાણી વિના ચાતક પક્ષી બીજા તળાવ-નદી વગેરેનાં પાણી ચાહતા નથી, એમ મને અર્થાત્ ભવી ભક્ત જનને અજિતજિણંદ ભગવાનનો જ સંગ ગમે છે, ભગવાન વિના બીજાની ચાહના જ નથી થતી' એ સાચી હકીકત છે. કેમકે અરિહંત ભગવાન એ મેઘ-જલધર જેવા છે જે સમ્યક્ત્વ-બોધ વરસાવે છે; ને આ રીતે જલધર જેવા ભગવાનથી વરસતા સમ્યગ્દર્શન-જૈન દર્શનના જીવવિજ્ઞાન, અનેકાંતવાદ, તથા ષડ્દ્રવ્યાદિ તત્ત્વરૂપી પાણી મળ્યા પછી, ભવ્ય જીવરૂપી ચાતકને અન્ય એકાંતવાદી દર્શનોરૂપી પાણીની સહેજ પણ ઇચ્છા થતી નથી.

**કોકિલ-કલ-કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે,**
**આછા તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે...૩**

**ભાવાર્થ :-** કોયલ મનોહર આમ્રવૃક્ષનો મહોર ખાઈને મધુર ગાન ગાય છે. તેને આમ્રવૃક્ષને છોડીને અન્ય આછા વૃક્ષ ગમતા નથી. તેને તો મોટા-ભરાવદાર આમ્રવૃક્ષ સાથે જ પ્રીત હોય છે, ને એ પણ મનગમતા રસગુણને લઈને તેને પ્રીત હોય છે.

**વિવેચન :-** કોયલને જે આનંદ આમ્રવૃક્ષની મંજરીના મહોરમાં છે તે અન્યમાં નથી, તેમ સમકિતી જીવને જે આનંદ વીતરાગના ગુણોમાં છે તે અન્યમાં નથી.

પ્રભુ એ ઉત્તમ ગુણોવાળા છે; ૩૪ અતિશય, ૮ પ્રાતિહાર્ય સહિત ૧૨ ગુણો, પૂર્વભવમાં ૨૦ સ્થાનકની આરાધના વગેરે અસંખ્ય ગુણોવાળા છે. માટે તો સુલસાને બીજા દેવ ગમતા નથી યાવત્ સુલસાને કહેવામાં આવ્યું કે 'સાક્ષાત્ શંકર-વિષ્ણુ-૨૫ માં તીર્થંકર આવ્યા છે' તો પણ તેને બનાવટ સમજી એ જોવાની પણ તેવી આતુરતા જ નથી. બીજી પડોશણ બાઇ સુલસાને પૂછે છે "બાઇ ! તને સાક્ષાત્ શંકર ભગવાન વિષ્ણુ ભગવાન જોવાનો રસ નથી ? એમાં આનંદ નથી લાગતો ?"

સુલસા કહે : "ના, મને એ જોવામાં લેશ પણ રસ નથી, સમય પણ નથી."

પેલીઓ પૂછે : "કેમ ?"

સુલસા કહે : "મારા મોટા મહાવીર પ્રભુમાં એટલું બધું જોવાનું છે, કે એ જોવાનું પૂરું જ થતું નથી ! પછી બીજું જોવાની ફુરસદ જ ક્યાંથી હોય ?"

આ હતો સુલસાનો પ્રભુ પરનો રંગ ! અને પ્રભુની સાથેનો સંગ ! પ્રભુના ગિરુઆ ગુણોનો પ્યાર ! આપણને પ્રભુના ગુણોનો પ્યાર આવો બને એ માટે આ ચાતક-કોયલ વગેરેનાં દૃષ્ટાન્ત ધ્યાન પર લેવા જેવા છે. ચાતક એક પક્ષીજાત કહેવાય, એ ૮-૮ મહિના તરસની પીડા ભોગવે, પરંતુ ટેક કેવી કે પાણી પીવું તો મેઘમાંથી વરસતું જ પાણી પીવું, એ ન મળે તો તરસ સહન કરવી. એને મેઘનું જ જળ ગમે, કેમ જાણે એવી ટેક ! એ ટેક તિર્યંચ જાળવી શકે, ને આપણે ન જાળવી શકીએ કે 'ગમે તો પ્રભુનો જ સંગ ગમે ?'

**કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે,**
**ગૌરી ગિરીશ, ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે...૪**

**ભાવાર્થ :-** કમલિની એટલે સૂર્ય-વિકાસી કમળ, તે સૂર્યના કિરણોથી જ વિકાસ પામે છે. તેમ કુમુદિની એટલે કે રાત્રિ-વિકાસી કમળ, તેને ચંદ્રમા પર જ પ્રેમ છે; તેથી તેને પામીને જ વિકસે છે, ખીલે છે. તેમ પાર્વતી શંકર વિના બીજાને, અને લક્ષ્મી વિષ્ણુ વિના બીજાને, પોતાના મનમાં લાવતી નથી, પોતાના ચિત્તથી બીજાને ચાહતી નથી.

**વિવેચન :-** આ બે ઉપમાઓ સૂચવે છે કે કમલિનીમાં ઠંડીની સુસ્તી છે, તેથી સૂર્યનો તાપ એની એ સુસ્તી ઉડાડે છે. ત્યારે, કુમુદિનીને તાપ-ગરમીની સંતપ્તતા છે, તે ચંદ્રના ઠંડા કિરણોથી દૂર થાય છે. કુદરતની આ કરામત છે, કે બંનેય લોકોમાં ઓળખાય છે કમળ તરીકે, પરંતુ બંનેની ખાસિયત ઊલટી છે -

એકને ઠંડીની સુસ્તી છે ! બીજાને તાપની સંતપ્તતા છે ! બંનેની પીડા હરનાર છે ક્રમશઃ સૂર્ય અને ચંદ્ર, એટલે કેમ જાણે સૂર્ય-વિકાસી કમળનું મન સૂર્યમાં જ છે, તેથી તે સૂર્ય-કિરણની હાજરીમાં જ વિકસે છે. એ ઉપમાથી જેમ સૂર્ય-કિરણ આનંદભેર ગ્રહીને કમલિની વિકાસ પામે છે, પ્રફુલ્લિત થાય છે; તેમ પ્રભુ ! હું પણ સંસારના મોહ અને અજ્ઞાનતાની ઠંડીથી સુસ્ત બનેલો, તે પ્રતાપમય અને પ્રકાશભર્યા આપના વૈરાગ્યતાપ અને જ્ઞાનના પ્રકાશને આનંદભેર ગ્રહણ કરું છું; અને પ્રફુલ્લિત થાઉં છું. કારણ કે

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૮,તા.૭-૬-૧૯૮૬

**મારે લૌકિક અને લોકાત્તર સૌંદર્ય મેળવી લોકોત્તર ધર્મજીવનની સાધના કરવી છે.**

**જીવના ૬ લૌકિક-૨ લોકોત્તર સૌંદર્ય :**

શ્રીલલિતવિસ્તરા શાસ્ત્રમાં **'જયવીયરાય'** સૂત્રની વિવેચનામાં પ્રભુ આગળ પહેલી ૮ માગણીને સૌંદર્યની માગણી તરીકે બતાવી છે. એમાં 'ભવનિવ્વેઓ' થી... 'પરત્થકરણ' સુધીની છ વસ્તુને આત્માનું લૌકિક સૌંદર્ય કહ્યું છે. 'લૌકિક' એટલે કે લોકમાં પ્રસિદ્ધ, ઇતરધર્મોમાં પણ માન્ય કરેલ સૌંદર્ય, એ છ સૌંદર્ય આ છે - (૧) ભવનિર્વેદ (સંસાર પર વૈરાગ્ય), (૨) માર્ગાનુસારિતા, (૩) ઇષ્ટફલસિદ્ધિ, (૪) લોકવિરુદ્ધ ત્યાગ, (૫) ગુરુજનપૂજા અને (૬) પરાર્થકરણ. ઇતર ધર્મીલોકમાં પણ આ છ ગુણ સુંદર ગણાય છે. જેમકે - **પહેલું સૌંદર્ય-ભવનિર્વેદ :**

**'ભવનિર્વેદ'** યાને સંસાર પર વૈરાગ્યને ઇતરો પણ મૂળભૂત સારો ગુણ કહે છે. વ્યવહારમાં પણ દેખાય છે કે ઘરમાં જે વ્યક્તિને સંસારના સારા સારા ખાનપાન, કપડા-લત્તા, દાગીના, ઠઠારા... વગેરે પર વૈરાગ્ય છે, ને તેથી એનું બધાનું એને મન એવું આંધળું આકર્ષણ નથી કે એના ઉપભોગ વખતે એમાં લટ્ટુ-લંપટ થઇ જાય, ખીલખીલાટ-હરખ બતાવે; ને પછી એની કવિતા ગાયા કરે... આવું જેનામાં નથી, પણ ગંભીરતા-ઉદાસીનતા છે, ઉદાસીનતા એવી કે દા.ત. ભાણામાં આવ્યું તે એમાં લહેવાઇ ગયા વિના ખાઇ લીધું; પછી ચાહ્ય દાળ-રોટી આવી, કે પક્વાન્ન આવ્યા. પરંતુ તે ગંભીર ચહેરો રાખી ખાઇ લીધું. હૈયામાં ભવવૈરાગ્ય હોય તો આ ગંભીરતા આવે; કેમકે એ સમજે છે કે-

**વિષયો પર વૈરાગ્ય શાથી ? :-**

(૧) શું રોટી કે શું પક્વાન્ન, બધું જ **'ઊતર્યું ઘાટી ને થયું માટી !'** બધું

જ શરીરની અંદર ગયા પછી માટી થનાર છે. એના પર શું ગાંડિયા મોહિત થઈ જવું ? વળી,

(૨) પક્વાન્ન વગેરે મનગમતા વિષયોમાં પૂર્વભવનું પુણ્ય અર્થાત્ વાશી પુણ્ય ખવાઈ-ખરચાઈ જાય છે ! અને વધારામાં આપણી વિષયગૃદ્ધિ-આસક્તિના યોગે બેસુમાર નવા પાપકર્મો બંધાય છે ! તેથી પરલોકમાં દુર્ગતિઓમાં જાલિમ દુઃખ-પીડા-વેદનાઓના ભવોમાં ભટકવું પડે છે !

(૩) આ સંસારના વિષયોની સેવામાં રચ્યા પચ્યા રહેવામાં મહાદુર્લભ અને મહાકિંમતી મળેલા દેવાધિદેવ ! અફસોસ કે, વિસારી દેવાય છે ! એમની અને ગુરુની તથા ધર્મશાસનની તારણહાર સેવા કરવાની રહી જાય છે ! એ પણ કમાણી નહિ પણ મહાગમાણી છે; કેમકે એવા ભયંકર રોગ, અકસ્માત્ કે અંતકાળે ખરું આશ્વાસન આપનારી, જે એ જિનભક્તિ, સાધુસેવા, ત્યાગતપ,...વગેરે સાધનાઓ છે, તે જ કરવાની ગુમાવી ! પછી અનંતકાળ કેવો ? કહો, એકલા રુદનથી વ્યાપ્ત ! આ બધું જોઈને જેને ભવના સુખ પ્રત્યે વૈરાગ્ય રહે, એ આત્માનું સૌંદર્ય છે.

દુનિયામાં આવો વૈરાગી જીવ જ પૂજાય છે, વખણાય છે. જ્યારે વૈરાગ્ય વિનાનો એટલે જ **ખાનપાન-પૈસાદિની તીવ્ર લાલસાવાળો, ને એને હરખી-હરખીને લેવા દોડનારો તથા ભોગવનારો જીવ તો લોકમાં ભૂંડો દેખાય છે.** આ ભવવૈરાગ્યને એ ઈતર ધર્મીલોક પણ એક સુંદર ગુણ માને; તેથી એને લૌકિક સૌંદર્ય કહ્યું.

**૨ જું સૌંદર્ય - માર્ગાનુસારિતા = તત્ત્વાનુસારિતા :**

ભવવૈરાગ્યની જેમ 'માર્ગાનુસારિતા' 'ઈષ્ટફળસિદ્ધિ' આદિ પણ સુંદર ગુણ તરીકે ઈતર ધર્મીલોકમાં પ્રસિદ્ધ છે; એટલે એ પણ લૌકિક સૌંદર્ય છે. આમાં 'માર્ગાનુસારિતા' એટલે કે તત્ત્વાનુસારિતા; અર્થાત્ તત્ત્વ એટલે કે માલવાળી વાત-વસ્તુને અનુસરવાપણું અર્થાત્ ચર્ચા-વિચારણા કરવી, પકડ રાખવી, તો માલવાળી વાત-વસ્તુની રાખવી, પણ માલવિનાની તુચ્છ નગણ્ય વાત-વસ્તુની નહિ. દા.ત. 'આ સાવરણી ત્યાંને બદલે અહીં કેમ મૂકી ?' એનો રગડો ન માંડે... આવી તત્ત્વાનુસારિતા રાખે તો ઘર-સંસારમાં અને વાતચીત-વ્યવહારમાં ખોટી ખેંચાતાણ-હોંશાતોશી, રગડો કે ક્લેશ*કંકાશ ન થાય. એ ગુણ જૈનેતરોમાંય શાણા માણસોમાં જોવા મળે.

**૩ જું સૌંદર્ય : ઈષ્ટફળસિદ્ધિ :**

એમાં 'ઈષ્ટફળ' એટલે દુન્યવી જીવનમાં ઈચ્છિત આફત-નિવારણ યા જરૂરી જીવ-ઉપયોગી વસ્તુ કે કાર્ય; એ સિદ્ધ થવાની માગણી પ્રભુ પાસે ઈતરો પણ કરે છે. પ્રશ્ન થાય -

**દુન્યવી ઈષ્ટફળને મોક્ષસાધના સાથે શો સંબંધ ? :**

**પ્રશ્ન :** ઈચ્છિત સાંસારિક વસ્તુ કે કાર્ય સિદ્ધ થાય એને મોક્ષસાધના સાથે શો સંબંધ ?

**ઉત્તર : મોક્ષ સાધના કરવામાં પહેલું જરૂરી ચિત્તની સ્વસ્થતા છે.** કેમકે ઈચ્છિત વસ્તુ કે કાર્ય સિદ્ધ ન થાય ત્યાંસુધી, અગર આફત ઊભી રહે ત્યાં સુધી, ચિત્તને વ્યાકુળતા રહે છે, સ્વસ્થતા નથી રહેતી. ચિત્ત જે અસ્વસ્થ રહે છે એને સ્વસ્થ કરનાર છે આફત-નિવારણ, યા ઈચ્છિત વસ્તુ કે કાર્યની સિદ્ધિ. માટે એ પણ મોક્ષ-સાધનામાં ઉપયોગી છે; ફક્ત જોવાનું આ, કે

**ઈષ્ટસિદ્ધિ માગવામાં ૩ શરત :**

**(૧) માત્ર ચિત્ત-સ્વસ્થતાના હેતુથી એ ઈષ્ટસિદ્ધિની માગણી જોઈએ;**

**(૨) અને તે પણ સ્વસ્થતા, મોક્ષસાધના સુખરૂપ ચાલતી રહે એ માટે જોઈએ. તેમજ,**

**(૩) આ ઈષ્ટવસ્તુ પ્રભુના પ્રભાવથી અવશ્ય સિદ્ધ થાય છે એવી દઢ શ્રદ્ધા જોઈએ.**

એટલે મોક્ષસાધનામાં આ રીતે 'ઈષ્ટફળસિદ્ધિ' પણ ઉપયોગી હોઈ, એ આત્મસૌંદર્ય છે, આત્માનો સુંદર ગુણ છે.

**૪થું સૌંદર્ય :**

**'લોકવિરુદ્ધ ત્યાગ':** અર્થાત્ લોકથી વિરુદ્ધ કાર્યો જેવા કે પરનિંદા, પરદ્રોહ, ખરકર્મ વગેરેનો ત્યાગ કરવાનો. એમ જેનાથી લોકને સંક્લેશ થાય, એવા કાર્ય આપણે કરવા એ પણ લોકવિરુદ્ધ કાર્ય છે. માટે એનો પણ અહીં ત્યાગ માગ્યો. આ પણ ઈતરલોકોમાં હોઈ શકે.

**૫ મું અને ૬ ઠું સૌંદર્ય : (૫) વડીલજનોની પૂજા-ભક્તિ-સેવા; તથા (૬) સ્વાર્થકરણ ગૌણ કરી પરાર્થકરણ :**

આ બે માગણી પણ મોક્ષસાધનામાં ઉપયોગી છે. કેમકે એથી મન હરામ-હાડકાવાળું મટી, સાંસારિક મોહમાયાથી ઉપર નીકળી, પરલોક હિતકર પૂજ્ય પૂજાનો મહાન ગુણ યાને પૂજ્યોની સેવા-વિનય-કૃતજ્ઞતા બજાવે છે. અને પરોપકાર તથા પરની પીડામાં સક્રિય હમદર્દી બજાવે છે એ મોક્ષસાધનાના ભાવોમાં ઉપયોગી છે.

આ છ ગુણોને લૌકિક સૌંદર્ય કહે છે, લૌકિક ધર્મ કહે છે. હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે 'એ લૌકિક ધર્મ જેનામાં આવે એ જ પછી એ લોકોત્તર ધર્મ **'શુભ ગુરુયોગ'** અને **'તદ્વચન સેવા'** નો **અધિકારી ગણાય.**

આનો અર્થ એ, કે આપણે જો માત્ર નામધારી જૈન નહિ, પણ જિન અને

જૈનધર્મ પર શ્રદ્ધાવાળા જૈન બનવું હોય, તો પાયામાં પહેલા આ ભવવૈરાગ્ય વગેરે તે પરાર્થકરણ સુધીના છ લૌકિક ગુણો લાવવા જોઈએ; તો જ પછી આપણને શુભ ગુરુ અર્થાત્ ચારિત્રસંપન્ન ગુરુ-સાધુનો વાસ્તવિક યોગ મળે, અને એમની આજ્ઞાનું પાલન મળે.

પ્રભુ ! ચંદ્રવિકાસી કમળ 'કુમુદ-કુમુદિની' તાપથી સંતપ્ત, તે ઠંડા-શીતલ ચંદ્રકિરણને ગ્રહે છે; તેમ કષાયના તાપથી તપેલો હું આપની ૧. શીતલતા, ૨. સૌમ્યતા, ૩. શાંતરસ, અને ૪. એની સમર્થક સામાયિક અર્થાત્ સમભાવ લાવનારી ક્રિયાઓ અપનાવી કષાય-તાપથી રહિત બનું છું.

(૧) આપની વાણી સૌમ્યતાથી ભરેલી છે,

(૨) આપનું જીવન ઉપશમથી ભરેલું નિર્વિકાર છે, અને

(૩) આપનું સ્વરૂપ નિરંજન નિરાકાર છે.

તેનું આલંબન કરી, મારે શાંત-સૌમ્ય-શીતળ નિર્વિકાર બનવું છે, મારે પણ કુમુદની જેમ ખીલવું વિકસવું છે; આપના આલંબને મારે મારા આત્મગુણોને વિકસાવવા છે. પ્રભુ ! તમારું શાસન પામે એનામાં આ શાંતતા-શીતલતા વગેરે શુભ ભાવો આવે છે.

**સુદર્શન અને શુકપરિવ્રાજક :**

**થાવચ્ચાપુત્ર-આચાર્ય** મહારાજથી બોધ પામેલા **સુદર્શન**માં આવા શુભ ભાવ આવેલા, તેથી પૂર્વે એ **શુકપરિવ્રાજક**નો ગૃહસ્થ ભક્ત; પણ હવે તો સમ્યક્ત્વની શાંતતા પામી એ સુદર્શન મિથ્યામાર્ગ ત્યજી શ્રાવક બન્યો ! એણે મિથ્યાગુરુએ પકડાવેલી મિથ્યામાન્યતાને તિલાંજલિ આપી દીધી.

આ વાતની ખબર પડતા શુકપરિવ્રાજક ગભરાયો કે- 'આવો મોટો શ્રીમંત ભક્ત હાથમાંથી જશે ! પણ એને કેમ ખોવાય ?' તેથી એ દોડતો આવ્યો ! એણે કહેવરાવ્યું; છતાં સુદર્શન સામે લેવા ન ગયો ! એટલે શુકપરિવ્રાજક પોતે સુદર્શનને ત્યાં સપરિવાર આવ્યો ! ત્યારે સુદર્શન 'કુગુરુ સામે જોવામાં પણ રખે મારું સમ્યક્ત્વ મેલું થાય તો ?' એ ભયથી આંખ નીચી રાખે છે, કુગુરુની સામે જોતો નથી, એટલી બધી મિથ્યાત્વનો તાપ જઈને સમ્યક્ત્વની શીતલતા-શાંતતા આવી ગઈ હતી.

એ વખતે શુકપરિવ્રાજક કહે : "અરે સુદર્શન ! તને કોણે ભોળવ્યો ? લે લઈ ચાલ મને તારા નવા ગુરુ પાસે; જો મને એ સમજાવી દે, તો હું પણ એનો શિષ્ય થઈ જાઉં."

સુદર્શને લાગ સારો જોયો, એટલે ઊઠ્યો, અને એને લઈ ચાલ્યો. આમ શુકપરિવ્રાજક વાદ કરવાના આંતરિક ઈરાદે થાવચ્ચાપુત્ર આચાર્ય મહારાજ પાસે

આવ્યો. તેના મનમાં તો એમ હતું કે 'આચાર્યને વાદ કરી જીતી લઈશ, અને એના વિશાળ પરિવારને મારા શિષ્ય બનાવી દઈશ !' પરંતુ અહીં તો થાવચ્ચાપુત્ર આચાર્ય ૧૪ પૂર્વના પારગામી હતા.

**ચૌદ પૂર્વના સૂત્રો એટલે ?** ૧૬૩૮૩ હાથી-પ્રમાણ મષીની શાહીથી લખાય ! તો એના પારગામી આવા સમર્થ જ્ઞાની પાસે શુકપરિવ્રાજકનું શું ગજું ? એ અહિંસાની વાત સાંભળતા સાંભળતા બૂઝી ગયો ! શાંત-શીતલ થઇ ગયો ! શી રીતે ?

**શુકપરિવ્રાજકનો પ્રશ્ન : શૌચ વિના ધર્મ શેનો ?**

આ રીતે - આચાર્ય મહારાજને શુકપરિવ્રાજકનો પ્રશ્ન હતો : "તમારી પાસે ધર્મ જ ક્યાં છે ? કેમકે ધર્મનો પાયો બાહ્ય-અભ્યન્તર પવિત્રતા છે, શૌચ છે, અને તમે લોકો સ્નાન તો કરતા નથી, એટલે પાયાનો શૌચ ધર્મજ તમારી પાસે નથી, પછી બીજા ધર્મની કેટલી કિંમત ?"

**આચાર્યનો ઉત્તર : લોહી ખરડ્યું લોહીથી સાફ થાય ?**

થાવચ્ચાપુત્રઆચાર્યે તેનો જવાબ આપ્યો, "લોહીથી ખરડાયેલું કપડું શું લોહીથી સાફ થાય ? ના થાય. તેમ અનંત અનંત કાળથી હિંસાથી ખરડાયેલો આત્મા પાછો શું હિંસાથી સાફ થાય ? પાણીના જીવની હિંસા કરીને પવિત્ર થાય ? ના. એમાંય વળી 'અણગળ પાણીમાં અઢળક ત્રસ જીવો છે, એ વાપરતાં સાત ગામડા બાળ્યાનું પાપ લાગે'- આ વાત તો અન્ય શાસ્ત્રો પણ બતાવે છે. પરંતુ તે તો બેઇન્દ્રિય ત્રસ જીવો. પણ ખુદ પાણી એ એકેન્દ્રિય જીવોનો સમૂહ છે એવું અન્ય શાસ્ત્રો પાસે જ્ઞાન નથી !

**એકેન્દ્રિય જીવોની સાબિતી :-**

કિન્તુ વિચારીએ તો સમજાય કે સૃષ્ટિમાં જ્યારે પાંચ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, અને બેઇન્દ્રિયવાળા જીવો છે, તો શું એક ઇન્દ્રિયવાળા જીવો ન હોય ? જરૂર હોય; અને એ છે પૃથ્વીકાય જીવો, અપ્કાય જીવો, તેજસ્કાય જીવો, વાયુકાય જીવો અને વનસ્પતિકાય જીવો. એ જીવ છે માટે તો, દા.ત વનસ્પતિકાય જીવ 'ઝાડ' ખોરાક લે છે, અને ક્રમશઃ એનું શરીર વધે છે. એ જ રીતે અપકાય જીવ 'પાણી' અસંખ્ય જીવોનાં શરીરોનું જુથ છે. પાણીથી સ્નાન કરો એમાં એ અસંખ્ય જીવોની હિંસા થાય છે. એવા સ્નાનથી તો આત્મા ઉલ્ટો કર્મથી મલીન થાય છે, પવિત્ર નહિ, એમાં શૌચ ક્યાં આવ્યું ?

**સાચું શૌચ તો 'અહિંસા-સત્ય-મસ્તેયં બ્રહ્મચર્યચતુર્થકં'.** 'પાણી એ જીવ છે' તે તથા જિનશાસનનું જ્ઞાન પામીને શુકપરિવ્રાજક ત્યાં જ પોતાના ૧૦૦૦ શિષ્યોની સાથે દીક્ષા લઇ આચાર્ય મહારાજના-શિષ્ય સાધુ બન્યો ! ને અંતે 'ગુરુના પગલે

પગલે' તે સિદ્ધગિરિ પર એ હજારે શિષ્યો સાથે અનશન કરી મોક્ષે ગયા ! ૧૪ પૂર્વધરના સમ્યગ્જ્ઞાન પર પ્રીતથી શુકપરિવ્રાજકે મિથ્યા દેવ-ગુરુ-ધર્મનો રંગ મૂક્યો, સંગ મૂક્યો ! વીતરાગ સર્વજ્ઞ અરિહંતદેવ અને એમના શાસનના ચંદ્રકિરણ જેવા બોધથી શુકપરિવ્રાજક મુનિ બનીને, એમના કષાયતાપ દૂર થઇ એમનામાં શાંતતા-શીતળતા-સૌમ્યતાભરી સાધુતા આવી ગઇ.

**તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે,**
**શ્રી નયવિજય વિબુધ તણો, વાચકયશ હો નિતનિત ગુણ ગાય કે...૫**

**ભાવાર્થ :-** આ રીતે મારું મન વીતરાગ પ્રભુમાં રમતું થઇ ગયું છે, તેથી બીજા સાથે પ્રેમ જામતો જ નથી. (આમ) પંડિત શ્રી નયવિજય મહારાજનો શિષ્ય **વાચક યશોવિજય** આ અરિહંતપ્રભુના જ રોજ ને રોજ ગુણગાન કરે છે.

**વિવેચન :-** જેમ ભ્રમર માલતીને, હંસ ગંગાજળને, ચાતક મેઘના પાણીને, કોયલ આમ્રમંજરીને, કમલિની સૂર્યને, કુમુદિની ચંદ્રને, ગૌરી (પાર્વતી) શંકરને, અને કમલા (લક્ષ્મી) વિષ્ણુને જ ચાહે છે...તેમ હું હે જિનેન્દ્ર અજિતનાથ પ્રભુ ! મારા મનમાં તમને જ ચાહું છું. જેવો આપના પર પ્રેમ છે એવા બીજા કોઇ દેવ કે સગા સ્નેહી કે ધન-માલ-મિલકત પર પ્રેમ આવતો નથી; કારણ કે હે અરિહંત દેવ ! આપ સર્વગુણસંપન્ન છો, આપનામાં કશી કમીના નથી, ત્યારે બીજાઓમાં કમીઓનો પાર નથી.

સારાંશ, જેવા મને અરિહંત ગમે છે, અરિહંતનો સંગ ગમે છે, એવા બીજા કોઇ દેવી-દેવતા યા સગા સ્નેહી કે માલ મિલકત ગમતા નથી.

માટે તો વિમળશા મંત્રી, પેથડશા મંત્રી, ધરણાશાહ પોરવાલ...વગેરેએ વીતરાગ પ્રભુ કરતાં ધનને વધારે વહાલું ન કર્યું, પરંતુ ધન કરતાં પ્રભુને વહાલા કર્યા, અને એ પ્રભુના જગતમાં નામી જિનમંદિર બંધાવી દીધાં !

**વિમળશાહ મંત્રી :-**

જાણો છો ને વિમળશાહ મંત્રીને ! પુત્ર નહોતો, પત્નીના મનને જરા ઓછું આવતું હતું, તેથી શાસનદેવીની આરાધના કરી. શાસનદેવી પ્રગટ થઇ પૂછે છે 'કેમ મને યાદ કરી ? શું જોઇએ છે ?'

વિમળશાહ કહે : 'મારે આબૂ પર જિનમંદિર બનાવવું છે. એમાં સહાયતા જોઇએ છે ને શ્રાવિકાને પુત્ર જોઇએ છે, એ આપો.'

દેવી કહે : 'તમારા ભાગ્યમાં એ બંને નથી. બેમાંથી ગમે તે એક જોઇએ તે માગી લો'

વિમળશાહ કહે કે 'ઊભા રહો, હું પૂછી આવું.'

ઘરની અંદર જઈ શ્રાવિકાને કહે : "બોલો દેવી પધાર્યા છે. એ કહે છે, 'કાં પુત્ર, કાં પ્રાસાદ, બેમાંથી એક મળશે. તો દીકરો માંગુ ? કે દહેરાસર ?'

શ્રાવિકા કહે : "એમાં શું પૂછવા આવ્યા ? દેરાસર જ માગી લેવાનું.

(૧) દીકરો થોડો જ સાથે આવવાનો છે ? કે

(૨) અહીં એ પણ કાયમ થોડો રહેવાનો છે ?

(૩) દીકરો આપણું નામ પણ કેટલું રાખી શકે ? બે પેઢી. ત્રીજી પેઢીએ આપણું નામ કેન્સલ ! તેમ એ પણ જોવાં જેવું છે, કે,

(૪) દીકરો મળ્યાથી એ કેવો નીવડશે એનું પણ શું કહી શકાય ? જો ખરાબ નીવડે તો એનાથી આપણી જ આબરૂ જાય ! માટે આપણે દીકરો કાંઈ જોઈતો નથી. દહેરાસર જ માંગી લો. દેરાસર સેંકડો વર્ષ ટકે એટલે નામ એટલું ટકે, અને દેરાસરથી હજારો માણસ દર્શન-વંદન પૂજન તથા વ્રતગ્રહણ વગેરે ધર્મ લેતા જ રહે, લેતા જ રહે, ને પુણ્ય કમાતા રહે.

આ બધાનાં નિમિત્ત થવાનો આપણને મહાન લાભ મળે ! ને પુણ્ય મળ્યા જ કરે. દહેરાસર તો એક મૂડી થઈ, એમાંથી આપણને ભવોભવ વ્યાજ મળ્યા જ કરે. આવા સરસ લાભને જોઈ દહેરાસર જ માંગી લો." પછી મંત્રીએ એજ માગી લીધું. અને પછી દહેરાસર બાંધવા માટે આબૂ પર જમીન જોઈએ. તો બ્રાહ્મણો ઝગડવા આવ્યા. ત્યારે વિમળશાહ કહે-

તમારે કેટલા પૈસા જોઈએ ?

પેલા કહે : 'સોનૈયાથી જમીન માપી લો' એ રીતે સોનૈયા પાથરવા માંડ્યા,

તો પેલા કહે : 'ગોળ સોનૈયા પાથરવામાં તો વચ્ચે વચ્ચે જગ્યા રહી જાય; માટે ચોખંડા સોનૈયાથી માપો.'

તો વિમળશાહે ચોખ્ખા સોનાના નવા ચોખંડા સોનૈયા પડાવ્યા, અને આજે દેખાતા વિશાળ મંદિર જેટલી અને મંદિર આસપાસની પણ જગ્યા સોનૈયાથી માપીને લઈ લીધી ! અને એના ઉપર એ કાળના ૧૮ ક્રોડ રૂપિયા ખરચીને ભવ્ય બાવન જિનાલય મંદિર બંધાવી લીધું ! એમાં થાંભલે થાંભલે તથા ઉપર સિલિંગમાં ઝીણી ઝીણી કોતરણી કરાવી ! આટલા બધા રૂપિયાનો ખર્ચ શાના માટે ? તો કે,

**"તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજાશું હો નવિ આવે દાય"**

આબૂ પર પ્રભુમાં મારું મન એવું રમી ગયું છે, અર્થાત્ સાથે એવી પ્રીતડી બંધાઈ ગઈ છે કે બીજા કશાની સાથે મનમાં એવો પ્રેમ જ ઊઠતો નથી.

**પેથડશાહ :**

જેમ વિમળશાહ મંત્રીએ તેમ પેથડશાહ મંત્રીએ પણ પ્રભુ સાથે પ્રેમ એવો

કર્યો કે ત્યાં ધનનો પ્રેમ મન પરથી ઉતારી નાખ્યો. એનું પરિણામ એવું આવ્યું કે કોઈએ પેથડશાહને કહ્યું કે 'તમે દેવગિરિમાં મંદિર બંધાવો તો ખરા.'

પેથડશાહ પૂછે : 'કેમ ભાઈ ! એમ બોલો છો ?' પેલો માણસ કહે 'દેવગિરિમાં રાજાનો બ્રાહ્મણ મંત્રી હેમડ જૈન ધર્મનો એવો પાકો દ્વેષી છે કે જિનમંદિર ઊભું જ નહિ થવા દે.'

પેથડશાહના મનને થયું : 'અરેરે ! પ્રભુએ મને ઉત્તમ મનુષ્યભવથી માંડી ઢગલો પૈસા અને સમસ્ત માળવાદેશનું મંત્રીપણા સુધી આપી દીધું ! અને હું દેવગિરિમાં એ મહાઉપકારી મારા પ્રભુનું એક મંદિર ન બનાવી શકું ?'

***પેથડશાહ તરફથી હેમડના નામની દાનશાળા :***

બસ, પહેલા તો જૈન ધર્મના દ્વેષી બ્રાહ્મણ હેમડ મંત્રીને પોતાનો પ્રેમી બનાવી દેવો જોઈએ, એટલા માટે એ હેમડની રાજધાની દેવગિરિ નગરના નાકે એક ધર્મશાળા-દાનશાળા-ભોજનશાળા ચાલુ કરાવી, એના પર નામ આપ્યું- 'હેમડ ધર્મશાળા' અને એમાં પરદેશથી આવનારા પ્રવાસી માણસોની સ્નાન, નાસ્તો.... વગેરેથી ભક્તિ થાય. ગામના પણ ગરીબ માણસો જમી જાય ! એ રીતે કર્યું. એટલે પ્રવાસીઓ-ગરીબો વગેરેને માટે જાણે એક કલ્પવૃક્ષ બન્યું ! નગરમાં અને બહાર હેમડની કીર્તિ પ્રસરી. એ વાત કેટલાય દિવસો પછી હેમડના કાને એ રીતે પહોંચી કે લોકમાં વાયકા ચાલી - 'આપણા નગરમાં મંત્રી સાહેબ હવે તો બહુ ઉદાર થઈ ગયા છે.' એ શબ્દ હેમડના કાન સુધી પહોંચ્યા.

હેમડ મંત્રી ચમક્યો ! એના મનને થયું કે 'આ શું ? હું મહાકંજૂસ અને મારા નામે દાનશાળા ?' ત્યાં એ તપાસ કરવા આવે છે.

મેનેજરને પૂછે : 'આ કોના તરફથી ચાલે છે ?'

પેલો કહે : 'સાહેબ ! આપના જ તરફથી.'

મંત્રી કહે : 'અરે એ ય ! મારા તરફથી આ દાનશાળા ચાલતી હોય તો શું મને ખબર ન હોય ?'

તો મેનેજર કહે : 'એ તો સાહેબ ! વાત એમ છે કે ઉદાર માણસો સુકૃત પોતે કરે છે એમ ન કહે.' પછી હેમડ મંત્રીએ ઓરડીમાં લઈ જઈ ધમકાવીને પૂછ્યું : 'સાચું કહે' ત્યારે મેનેજરે પેથડશાહનું નામ આપ્યું.

બસ, લિફ્ટની સ્વીચ દબાઈ ગઈ એટલે જેમ લિફ્ટ સરર કરતી ખેંચાઈ આવે, એમ હેમડ મંત્રી સરર ખેંચાયો પેથડશા તરફ! આગળથી સંદેશો મોકલી હેમડ દેવગિરિથી પહોંચ્યો માંડવગઢ ! પેથડશાહ મંત્રીએ સ્વાગત કર્યું. ભોજન વગેરે મહેમાન-ભક્તિ કર્યા પછી હેમડ મંત્રીને કહે કે-

'ફરમાવો મંત્રીશ્વર ! મારા લાયક કોઈ સેવા ?'

ત્યારે હેમડ કહે : 'સેવા હું શું ફરમાવું ? આપ મને ફરમાવો. આપે મારા નામે લાખો રૂપિયા ખર્ચ્યા ?'

પેથડશા કહે : 'રૂપિયા મારા શાના ? રૂપિયા તો ભગવાનના, તે મેં ભગવાનના ખોળે ધર્યા. હું ને તમે ભગવાનના જ બાળકો છીએ ને ?'

હેમડશાને આટલો બધો ખર્ચ હૈયે ચમકાવે છે ! પણ પેથડશાને કેમ ચમકાવતો નથી ? કહો 'તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય' પ્રેમ પ્રભુ ઉપર હતો, મન પ્રભુમાં હતું, એવું ધનમાં નહિ.

હેમડ પૂછે છે : 'મારા સાહેબ ! અહીં મૂકીને આપે મારે ત્યાં આ શું માંડ્યું ? લાખો રૂપિયાનો ખર્ચ કરી દાનશાળા તમે ચલાવો, અને તમારું નામ ગુપ્ત રાખી જગતમાં પ્રસિદ્ધ મને કરો ? બોલો હું આપની શી સેવા કરું ?'

**દ્વેષી હેમડ ખુશીથી મંદિરની જગા આપે છે...**

પેથડશાહ કહે : 'બીજાું તો કાંઈ જોઈતું નથી. આપના નગરની મધ્યમાં પરમાત્માનું મંદિર બનાવવા એક નાનકડો જમીનનો ટૂકડો જોઈએ છે.'

હેમડ કહે : 'અરે ! આટલા ખાતર મારા નામની દાનશાળા ?'

પેથડશાહ કહે : 'માફ કરજો સાહેબ ! એ દાનશાળા-સુકૃતનો અપાર બદલો તો મને પુણ્યરૂપે મળી જ ગયો, હવે તમે જમીનનો ટૂકડો આપો એ તમારી મહેરબાની. એ તો મારે મફતમાં લેવાનો છે. અથવા કહો એટલી કિંમત ચૂકવવા તૈયાર છું.'

હેમડ મંત્રી કહે : "હેં ? હેં ? હેં ? આ શું બોલ્યા ? ટુકડા જમીનના પૈસા લેવાના ? જગતમાં મારા નામના તમે લાખો રૂપિયા ખરચી ડંકા તો વગાડી દીધા ! દાનશાળાની પ્રતિષ્ઠાના ઉપકારનો મેરુ-ભાર તો મારા માથે ચડાવી દીધો ! એનો તો કંઈ મારે બદલો વાળવાનો કે વળતર નહિ ને હું જમીનના પૈસા લઉં ? મારા જેવો નિમકહરામી કોણ ? પધારો, તમે પસંદ કરો, ફરમાવો એવી જગા અપાવી દઉં."

પછી તો હેમડ મંત્રી પેથડશાહને પોતાના રાજ્યમાં લઈ ગયો, રાજાને ઓળખાણ કરાવી, અને રાજા પાસેથી એને નગરની મધ્યમાં જ્યાં ચાર રસ્તા મળે એના ખૂણા પર મોટો બગીચો બનાવવા લાયક ખાલી જગા અપાવી દીધી.

કેટલા બધા પૈસા ખરચી હેમડના નામથી દાનશાળા ચલાવીને મહાદ્વેષી હેમડને પીગાળી નાંખ્યો ! ને આ જગા મેળવી શા માટે? કહો 'તિમ પ્રભુશું મુજ મન રમ્યું, લક્ષ્મીશું હો નવિ આવે દાય (પ્રેમ) કે !' **ભગવાનના જ મહા ઉપકારથી મળેલા આ ઉચ્ચ મનુષ્ય અવતારે પ્રભુ ખાતર પૈસા જતા કરી પ્રભુ પરનો પ્રેમ**

**સાર્થક થતો હોય તો એનાથી બીજું રૂડું શું ?**

પણ જોજો આટલા ખરચથી પતે એવું નથી. પેથડે તાબડતોબ જમીનનો પાયો ખોદાવવા માંડ્યો, બીજી બાજુ રાજાની રાતે પગચંપી કરનાર હજામને સાધી રાખ્યો, જેથી રાજા આગળ કોઇ એવી વાતચીત આવે તો તેના સમાચાર હજામ તરત પેથડશાહને આપે. કેમકે ઈર્ષ્યાળુ બ્રાહ્મણો કાંઇ ને કાંઇ રાજાને કાનભંભેરણી કરે એવો સંભવ.

**નગરમાં ખારાં પાણી - પાયામાં મીઠું ! :**

અને બન્યું એવું જ. પાયો ખોદાઇ મોટો ખાડો થયો એમાં જમીનમાંથી પાણી ઉભરાયું તે મીઠું ધરાખ જેવું ! આખા નગરમાં કૂવાનાં પાણી ખારા, ને આ પાણી મીઠું સાકરિયા પાણી જેવું !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૯,તા.૧૪-૬-૧૯૮૬**

બ્રાહ્મણોને ખબર પડી તે જપે ? પહોંચ્યા રાજા પાસે, ને કહે છે- 'મહારાજા સાહેબ ! આખા નગરમાં ખારા પાણી; પણ પેલી પેથડશાહને આપેલી જમીનના ખાડામાં તો મીઠા ધરાખ પાણી નીકળ્યા છે. તો ત્યાં તો વાવડી બંધાવવા જેવી છે.'

રાજા કહે : 'સવારે જોઇશું.'

એજ વખતે પગચંપી કરનારો હજામ જરા શંકા થઇ છે લોટે જઇ આવું એમ બહાનું કાઢી ઊઠ્યો, પહોંચ્યો પેથડશાહ પાસે, વાત કરી. મંત્રીએ એને મોટું ઈનામ આપી વિદાય કર્યો. પછી જરાય ગભરાયા વિના તરત ખાનગી માણસને કહ્યું : જાઓ, પરગામથી નિમકની ગુણીઓની ગુણીઓ લઇ આવી આ ખાડામાં નખાવી દો. જોજો હોં ? આ નગરમાંથી નિમક લેતા નહિ; નહિતર વાત બહાર પડી જતાં જમીન હાથમાંથી જાય.'

માણસ દરવાજે જઇ પાછો આવ્યો, 'સાહેબ ! પહેરેગીર કહે છે : ચાવીઓ રાજ્ય દરબારે પડી છે.'

મંત્રી કહે : 'અરે ! ચાવીઓ આ રહી,' એમ કહી રૂપિયાની થેલીઓ આપી. કહે 'લ્યો આ પહેરેગીરને આપો, ચાવીઓ લઇ આવી ખોલી આપશે.'

**પાણી મીઠાનું ખારું :**

પત્યું. એ રીતે દરવાજા ખૂલ્યા. માણસ પરગામ જઇ સાંઢણીઓ પર હજારો રૂપિયા ખરચી નિમકની ગુણીઓની ગુણીઓ લઇ આવી, એને રાતમાં ને રાતમાં પાયાના ખાડામાં પધરાવી દીધી.

સવારે રાજા પેથડશાહને લઈ ત્યાં આવે છે ને પવાલામાં ખાડાનું પાણી મંગાવી પીવા જાય છે. એક ઘૂંટ પીતાં તો પાણી ખારું અગર, રાજાનું તો મોં બગડી ગયું.

રાજા પેલા ચાડીખોરોને બોલાવી કહે : 'આમ આવો, લો, આ મીઠું ધરાખ જેવું પાણી પીઓ.' શું પીએ ? એક ઘૂંટ પીતાં તો મોં ખારા ખારા થઈ ગયા. બિચારા લજવાઈ જઈ રાજાની માફી માગે છે.

બસ, પછી તો વિશાળ ગગનચૂંબી દેરાસર ઊભું થઈ ગયું ! પ્રતિષ્ઠા વખતે શિખર પર પાલખ પર ચડી પેથડશા હરખમાં હજારો રૂપિયા ઊછાળી નાચવા જાય છે. પ્રભુભક્તિના હરખમાં ભાન નથી રહેતું કે 'હું નીચે પડીશ તો ?' આચાર્ય મહારાજે નીચેથી ખાસ માણસને તાબડતોડ મોકલી, મંત્રીને નીચે ઉતાર્યા. આમ એક મંદિર બનાવવા પાછળ ક્રોડો રૂપિયા ખરચ્યા! કેમ વારુ ?

"તિમ મુજ મન પ્રભુ શું રમ્યું, બીજા (પૈસા) શું હો નવિ આવે દાય (પ્રેમ)કે..."

**ધરણશાહ પોરવાલ :**

ધરણશાહ પોરવાળે શું કર્યું ? નલિનીગુલ્મ વિમાનનું સ્વપ્નું આવ્યું. ત્રણ માળનું વિમાન ! નીચે ૮૪ ભોંયરા ! ૧૪૪૪ તો થાંભલા ! વિમાનમાં ગુઢ મંડપ, મેઘનાદ મંડપ, નૃત્ય મંડપ, રંગમંડપ, વગેરે કેટલા તો મંડપો ! બીજા જોખ-ઝરુખા-તોરણો વગેરે કેટલું ય ! ધરણશાહને કોડ થાય કે 'મારા ભગવાનનું આવું મંદિર બને તો કેવું સારું ?' બીજા કારીગરને પણ સ્વપ્ન આવેલું. તે આનો પ્લાન બનાવી લાવ્યો. ધરણશાહ કહે : 'આવું મંદિર બનાવવું છે.'

'શેઠ મારા ! મગજ ઠેકાણે છે ? કેટલો ખર્ચ ?'

શેઠ કહે : 'અરે મૂરખ ? તારા પેટમાં શું દુઃખે ? રૂપિયા મારા, ને કારીગરી તારી'.

**કેટલો ખરચ !** એ કાળના ૯૯ કરોડ રૂપિયા ! તે કાંઈ સંઘમાં ટીપ-ટકોરો કરીને નહિ, ધરણશાહ પોરવાળના પોતાના જ એટલા રૂપિયા ! તમને શું થાય છે ? 'હાય બાપ ! આટલા બધા રૂપિયા કેમ ખરચાય ? અને તે ય એક જ મંદિર પાછળ ?' કેમ બન્યું આ ? કહો,

"તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે...'

પ્રભુમાં મન એવું રમતું થઈ ગયેલું કે મન ધનમાં ન રમ્યું, પ્રભુમાં એવુ રમ્યું કે પ્રભુની ખાતર રાણકપુરનું મંદિર બનાવવામાં ૯૯ કરોડ રૂપિયા જતા કર્યા ! 'આ પ્રભુ શું પ્રીત' ના કેટલા બધા ઘેરા સુસંસ્કાર પરભવ લઈ જવાના મળે !

વાત આ છે કે -

**પ્રભુને વહાલા કરવા છે તો બીજું બધું અળખામણું કરો;** અને **પ્રભુશું રંગ લાગ્યો, તો સંગ પ્રભુનો જ ગમે એવું કરો.** જીવનને પવિત્ર અને ખુશનુમા રાખવું હોય તો ભલે બહારથી મંદિરમાં પ્રભુ પાસે ન હોઇએ, પરંતુ હૃદયમાં પ્રભુનો સંગ બન્યો રહે. 'પ્રભુનો સંગ' એટલે એવું નથી કે ખાસ પ્રભુની આકૃતિ ધરીએ તો જ પ્રભુનો સંગ થયો કહેવાય, એટલું નહિ, પણ વિશેષ તો પ્રભુની આજ્ઞા યાદ કરીએ એ પણ પ્રભુનો વિશેષ સંગ કર્યો ગણાય...

જીવનની પ્રવૃત્તિઓમાં/બોલવા-ચાલવા-વિચારવામાં- ક્યાં ક્યાં પ્રભુની કઇ કઇ આજ્ઞા સંબંધ ધરાવે છે, એ જોયા કરીએ, અને શક્ય પાલન રાખીએ તો વળી ઉત્તમ કોટિનો પ્રભુનો સંગ થયો કહેવાય. એટલું વારંવાર મનમાં લાવ્યા કરીએ કે-

**માનવભવ પુદ્ગલના સંગ છોડી ચોવીસે કલાક પ્રભુનો જ સંગ કરવા માટે છે.**

**(ઈતિ શ્રી અજિતજિન સ્તવન વિવેચના)**